પ્રાકૃતિક કૃષિ જ ભારતની શ્રેષ્ઠ પરંપરાગત કૃષિ છે : આચાર્ય દેવવ્રત

બાયડ ખાતે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી વિષયક ખેડૂત સંમેલન યોજાયું : ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય

બાયડ, તા. ૬

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત આચાર્યજીએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ જ ભારતની શ્રેષ્ઠ પરંપરાગત ખેતી છે.

તેમણે જણાવ્યું હતું કે રાસાયણિક કૃષિના દુષ્પરિણામ સામે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજ્યપાલશ્રીએ અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે ગાયત્રી પરીવાર દ્વારા આયોજીત સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી વિષયક ખેડૂત સંમેલનમાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે હિમાચલપ્રદેશના રાજ્યપાલ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન પ્રાકૃતિક કૃષિ સાથે ૫૦૦ કિસાનોને જોડવા પ્રયાસ કર્યો અને જોતજોતામાં ૧૦ હજાર કિસાનો આ કૃષિ સાથે જોડાઈ ગયા. તેમણે જણાવ્યું હતું કે, હરિયાણા ગુરૂકુલ કુરૂક્ષેત્રમાં ૨૦૦ એકર જમીન અને ૩૦૦ ગાય સાથે તેમણે જ્યારે રાસાયણિક ખેતી કરતા ત્યારે કૃષિ ખર્ચ દર વધતો ગયો અને ઉત્પાદન ઘટ્યું. જમીનની ફળદ્રુપતા ઘટી તેથી તેમણે જૈવિક કૃષિ તરફ વળવાનું નક્કી કર્યુ. તેમાં પણ ઉત્પાદન વધ્યું નહી. ત્યારબાદ સુભાષ પાલેકરજીના સંપર્કમાં આવ્યા બાદ પ્રાકૃતિક ખેતી અપનાવી અને શ્રેષ્ઠ પરીણામો મેળવ્યા.ઔર્ગેનિક અર્થાત જૈવિક ખેતીમાં ત્રણ વર્ષ સુધી ઉત્પાદન ઘટે છે કૃષિ ખર્ચ વધે છે. આજે જૈવિક-ઓર્ગેનિકના નામે કેટલાય ધંધા થાય છે. કૃષિની બધી જ પદ્ધતિમાં વિકાસના નામે ખેડૂતોના ખિસ્સામાંથી પૈસા જાય છે. ખેડૂતોની લૂંટ ચાલતી રહે છે. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોના સંર્વાગી વિકાસ માટે એવી કૃષિ પદ્ધતિ આવશ્યક છે કે જેથી ગામના પૈસા ગામમાં, શહેરના પૈસા પણ ગામમાં આવે આ માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ જ શ્રેષ્ઠ વિકલ્પ છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે બધી કૃષિ પદ્ધતિમાં ખેડૂતોને જ અંતે સહન કરવાનું આવે છે. ખેડૂત દેવાદાર બન્યો અને આત્મહત્યા તરફ વળ્યો. તેમણે ઉમેર્યું કે પાલેકરજી પદ્ધતિમાં ખેતીમાં એક દેશી ગાય દ્વારા ૩૦ એકરની ખેતી થઈ શકે છે. રાજ્યપાલશ્રીએ દેશી ગાયના છાણ-ગૌ મૂત્ર, ગોળ, બેસન અને માટીના મિશ્રણથી જીવામૃત-ચાર

દિવસમાં તૈયાર થાય છે. તેના લાભ પણ દર્શાવ્યા હતા. તેમણે એમ જણાવ્યું હતું કે દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણું હોય છે. આ જીવાણું જ જમીનની ફળદ્રુપતા માટે અગત્યના છે. જીવામૃત-ઘન જીવામૃતમાં આવા કરોડો જીવાણુઓ હોય છે. જે કૃષી પાકના મૂળ સાથે સહજીવન કરી પાકને પોષણ આપે છે. દુનિયામાં આનાથી શ્રેષ્ઠ પદ્ધતિ કોઈ નથી તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે પોતાની ૨૦૦ એકર જમીનમાં થઈ રહેલી પ્રાકૃતિક કૃષિ અંતર્ગત એક રૂપિયાનો સામાન બજારમાંથી ખરીદ્યા વિના શ્રેષ્ઠ ઉત્પાદન મેળવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ જ ભારતની પરંપરાગત કૃષિ હોવાનું તેમજ ખેતી અને ખેડૂતોના સંર્વાગી વિકાસ માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ જ શ્રેષ્ઠ ઉપાય છે.

બ્રહ્માકુમારીઝ સંસ્થાના માઉન્ટ આબુના મુખ્યાલય ખાતે તા. ૪થી ફેબ્રુઆરીએ વર્લ્ડ કેન્સર ડે ની ઉજવણી હાથ ધરાઈ હતી. જેમાં મુંબઈની બીએસઈએસ હોસ્પિટલના કેન્સર નિષ્ણાંત ડૉ. અશોક મહેતાએ તલસ્પર્શી માહિતી આપતુ વક્તવ્ય પ્રસ્તુત કર્યુ હતુ. આ સાથે બ્રહ્માકુમારીઝ સંસ્થાના સ્વયંસેવકો દ્વારા કેન્સર જાગૃતિ રેલી પણ યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં કેન્સર નિષ્ણાંત તબીબો તથા બ્રહ્માકુમારીઝના મુખ્ય સંચાલિકાદીદી રતનમોહિની સહિત અન્ય હોદ્દેદારો અને અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

પાલ્લા(ભુ)-૨ પ્રાથમિક શાળામાં પાણીના ઠંડા કુલરનું દાન

મેઘરજ, તા. ૬

મેઘરજ તાલુકાની પાલ્લા ૨ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને પીવાનું શુદ્ધ અને ઠંડુ પાણી મળી રહે તે માટે દાતાઓ દ્વારા ૪૦ લીટર ઠંડા પાણીનું કુલર શાળાને ભેટ આપવામાં આવ્યુ હતુ. અમદાવાદ સ્થિત રાજુભાઈ ભટ્ટ, સમીરભાઈ પરીખ, પ્રિતેશભાઈ અમીન અને તેમના મિત્રો દ્વારા સામાજિક કાર્ય કરતા સોશિયલ મીડિયા યુવા ચેરિટી ગ્રુપ દ્વારા પ્લાલા ૨ શાળામાં કુલર ભેટ આપી બાળકોને પીવાના પાણીની સમસ્યા દુર કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય અને શાળા પરિવાર, એસએમસી અને ગ્રામજનોએ દાતાઓનો આભાર માન્યો હતો.

બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં મહાવિષ્ણુંયાગ યોજાશે

ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામમાં શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં મહાવિષ્ણુંયાગ યોજાશે. શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ અગ્નિહોત્રી પરમ પુજ્ય શ્રી કૃષ્ણારામ બાપાજીના આશીર્વાદથી પવિત્ર પાવન તપોભુમિ શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં યજ્ઞનારાયણના ૧૧૨ વર્ષ પુરા કરીને ૧૧૩ માં વર્ષમાં પ્રવેશ (પાટોત્સવ) નિમિત્તે મહાવિષ્ણુંયાગનું આયોજન તા.૯/૨/૨૦૨૦ ને રવિવારના રોજ યોજાશે. અગ્નિહોત્રી આત્રેયકુમાર વ્યાસ, અગ્નિહોત્રી પરંતપકુમાર વ્યાસ, અગ્નિહોત્રી જહાનવી વ્યાસ, અગ્નિહોત્રી પરીવારના સાનિધ્યમાં મહાવિષ્ણુંયાગ યોજાશે. યજ્ઞ પ્રારંભ સવારે ૮:૦૦ કલાકે, ધજારોહણ ૯:૦૦ કલાકે, દિપદાન ૯:૩૦ કલાકે,પુર્ણાહુતિ સાંજે ૪:૦૦ કલાકે યોજાશે. મહાવિષ્ણુંયાગના પાવન અવસરનો લ્હાવો લેવા અગ્નિહોત્રી પરીવાર ધ્વારા શ્રધ્ધાળુઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વડગામના થલવાડામાં દેવ વિર મહારાજનો વરઘોડો યોજાયો

વડગામના થલવાડામાં આવેલા દેવ વિર મહારાજના મંદિરનો જીર્ણોદ્વાર નિમિત્તે ત્રણ દિવસનો યજ્ઞ યોજાયો હતો. જેમાં ગુરૂવારે બીજા દિવસે દેવ વિર મહારાજનો સમગ્ર ગામના વરઘોડા યોજાયો હતો. જેમાં આજુબાજુ ગામના લોકો, સંબંધીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગરબે ઘમ્યા હતા. અને આવેલા લોકોએ દેવ વિર મહારજના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર ત્રણ દિવસના યજ્ઞનું આયોજન થલવાડા ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યુ હતુ અને યજ્ઞ આચાર્યમાં અને કર્મકાંડ ગામના શાસ્ત્રી અનિલભાઈ જોશી અને અલ્પેશભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

મોડાસા નગરપાલિકામાં જલ્પાબેન ભાવસારની ટાઉન પ્લાનિંગના ચેરમેન તરીકે વરણી

તાજેતરમાં મોડાસા નગરપાલિકાની વિવિધ સમિતિઓની મળેલ બેઠકમાં જલ્પાબેન મેહુલભાઈ ભાવસારની ટાઉન પ્લાનિંગના ચેરમેન તરીકે વરણી થયેલ છે.

જેઓ અરવલ્લી જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ પદનો કાર્યભાર પણ સંભાળી રહ્યા છે. જેઓની નિયુક્તિએ મોડાસા ભાવસાર સમાજનું ગૌરવ વધારેલ છે. જેઓની નિયુક્તિને સમગ્ર નગરમાંથી અભિનંદન સાથે શુભકામનાઓ મળી રહેલ છે.

હિંમતનગર ખાતે પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓની એક દિવસીય કાર્યશાળા યોજાઈ

હિંમતનગર, તા. ૬

જિલ્લા આરોગ્ય સોસાયટી સાબરકાંઠા દ્વારા સરકીટહાઉસ હિંમતનગર ખાતે જિલ્લા પંચાયત

પ્રમુખ શ્રીમતી રતનબેન સુતરીયાના અધ્યક્ષતામાં પંચાયતીરાજ સંસ્થાઓના પ્રતિનિધિઓની એક દિવસીય કાર્યશાળા યોજાઈ હતી.

આ કાર્યશાળામાં જિલ્લા આર.સી.એચ. અધિકારી ડૉ. જયેશ પરમારે ઉપસ્થિત સર્વેને સરકારશ્રીની જનઆરોગ્ય સંબંધિત અમલી વિવિધ યોજનાઓની જાણકારી આપેલ.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેશ પટેલ દ્વારા ઉપસ્થિત સહુને આરોગ્ય, માતૃબાળ કલ્યાણ તેમજ અન્ય અગતન્યના વિવિધ કાર્યક્રમો વિશે માર્ગદર્શન કરેલ. જિલ્લા પંચાયત પ્રમુખે સાથી સદસ્યોને તેઓના વિસ્તારમાં છેવાડાના માનવી સુધી આ યોજનાઓ લોકભોગ્ય બને તે માટે જરૂરી પ્રચાર પ્રસાર કરવા અનુરોધ કરેલ.

આજની કાર્યશાળામાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ નેતાભાઈ સોલંકી, કારોબારી અધ્યક્ષ અંબાલાલભાઈ પટેલ, વિવિધ સમિતિઓના ચેરમેનો, જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના અધિકારીઓ, તાલુકા આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

અનુસૂચિત જાતીના અપાયેલા પ્રમાણપત્રો રદ કરવા આવેદનપત્ર

ગુજરાતના ગીર, બરડો અને આલેચના નેશ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડો અને ચારણોને સરકારે પરીપત્ર બહાર પાડીને તેમને અનુસુચિત જાતીના પ્રમાણપત્રો આપ્યા છે. જે ખરેખર ખોટા હોવાનો આક્ષેપ કરીને ગુરૂવારે સાબરકાંઠા જિલ્લાના ત્રણ વનવાસી વિસ્તારમાં રહેતા સાચા આદિવાસી યુનિટ દ્વારા જિલ્લાના અધિક કલેકટરને આવેદનપત્ર આપીને તે રદ કરવાની માંગ કરી છે.

આ આવેદનપત્રમાં ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ દ્વારા જણાવાયા મુજબ બંધારણની કલમ ૩૪૨(૧)(૨)નો ભંગ કરીને રાજ્ય સરકારે ઠરાવો કરી રબારી, ભરવાડો અને ચારણોને અનુસુચિત જનજાતિના પ્રમાણપત્રો આપી દીધા છે. જેના લીધે સાચા આદિવાસીઓને અન્યાય થઈ રહ્યો છે.

વધુમાંજણાવાયા મુજબ તા. ૯-૯-૧૯૭૨ પછી આપેલા તમામ દાખલા ગેરબંધારણીય છે. જો આ પ્રમાણપત્રોને આધારે સરકારી નોકરી કે સરકારી લાભો મળતા હોય તો તે પરત લઈ લેવા જોઈએ અને તેમની વિરૂદ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની પણ આવેદનપત્રમાં માંગ કરાઈ છે.

ગુજરાત વીન્ટેજ એન્ડ કલાસિક કાર કલબ અને અમન આકાશ અમદાવાદમાં પાંચમો હેરિટેજ કાર શો યોજશે

ભારતના એક માત્ર વર્લ્ડ હેરિટેજ સીટી અમદાવાદમાં તા. ૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ પાંચમો હેરિટેજ કાર શો યોજાઈ રહ્યો છે. ગુજરાત વીન્ટેજ એન્ડ કલાસિક કાર કલબ અને અમન-આકાશ અમદાવાદના સંયુકત ઉપકમે યોજાઈ રહેલા આ શોમાં ૮૦ વીન્ટેજ અને કલાસિક કાર અને ૨૦ મોટરસાયકલ્સ ભાગ લેશે.

જીવીસીસીસીના કન્વીનર શ્રી ચંદન નાથ જણાવે છે કે 'હેરીટેડ કાર શો એ એક એવો સમારંભ છે કે જેમાં હેરિટેજ કારના માલિકો વીન્ટેજ બ્યુટી રજુ કરશે. આપણે હવે ઈલેકટ્રીક કાર અને શેર્ડ મોબિલીટીના યુગમાં જીવી રહ્યા છીએ પરંતુ આ વીન્ટેજ કાર્સ દ્વારા આધુનિક પરિવહનનો પાયો નંખાયો હતો. કાર શોનો ઉદ્દેશ માત્ર કાર પ્રદર્શિત કરવાનો જ નથી પણ વિન્ટેજ કાર જાળવી રાખવામાં સહાયરૂપ થવાનો અને નવી પેઢી પ્રગતિશીલ હોવા છતાં તેને જૂની પરંપરાનું મૂલ્ય સમજાવવાનો છે.'

જીવીસીસીસીના સ્થાપક પ્રેસીડેન્ટ શ્રી સુબોધનાથ જણાવે છે કે ગુજરાત અને અન્ય રાજયોની ૮૦ વીન્ટેજ કાર અને ૨૦ મોટરસાયકલ્સ આ શોમાં સામેલ થઈ રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તા. ૮ ફેબ્રુઆરીના રોજ સવારે આ બધી કાર કોટ વિસ્તારમાં ભદ્રના કિલ્લા, સીદી સૈયદની મસ્જિદ, હઠીસીંગ જૈન મંદિર, માણેક બુર્જ અને એલિસબ્રીજ થતા અન્ય વિસ્તારોમાંથી પસાર થશે તે પછી હાઉસ ઓફ અમન આકાશ ખાતે સમાપન થશે.

હાઉસ ઓફ અમન આકાશના હેમેશ પટેલ જણાવે છે કે આ શો મામૂલી ફી સાથે તમામ લોકો માટે ખુલ્લો રખાયો છે, જયારે ૧૦ વર્ષ સુધીની ઉંમરના બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'અમે વર્ષ ૨૦૧૨થી આ શોનું આયોજન કરી રહ્યા છીએ અને તે દરેક વખતે લોકપ્રિયતા મેળવતો રહ્યો છે. તે દર વર્ષે ૧૫ થી ૨૦ હજાર મુલાકાતીઓને આકર્ષે છે. વીન્ટેજ કાર્સ તથા સંગીત અને આહાર સાથેનું ઉત્સવ જેવું વાતાવરણ તમામને માટે આનંદ અને જાણકારી મેળવવાનો આદર્શ સમારંભ બની રહે છે.'

શો સમાપ્ત થતાં ૧૫ વીન્ટેજ કાર અને કેટલીક મોટરસાયકલ્સ એફએચવીઆઈ ગ્રાન્ડ ગુજરાત હેરિટેજ ડ્રાઈવ ૨૦૨૦માં સામેલ થશે.

મુલાકાત લેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિનુ નિરિક્ષણ કરી ખુટતી વ્યવસ્થા પુર્ણ કરવા માટે પણ સુચના આપી છે. પરીક્ષા સ્થળો પર સી સી કેમેરાની વોચ તેમજ યોગ્ય બેઠક વ્યવસ્થા સહીતની બાબતો ચકાસવા સહીતના મામલે દરખાસ્ત રજુ કરવા જણાંવાયુ છે. જયારે માર્ચ ૨૦૧૯ ની પરીક્ષા દરમિયાન જે પરીક્ષા સ્થળો પર વ્યાપક ગેરરિતી થઈ હોય તેવા બિલ્ડીંગોની પસંદગી ન કરવા પણ જણાંવાયુ છે. જયારે ગેરરીતીના કિસ્સામાં સ્ટાફની સંડોવણી પણ પ્રસ્થાપિત થઈ હોય તેમજ સ્થાનિક ઈન્ટલીજન્સીથી યોગ્ય ન જણાંતુ હોય તેવા કિસ્સામાં સરકારી ગ્રાન્ટેડ ઈન અને નોન ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓના પરીક્ષા સંચાલન માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્થળ સંચાલક કે સમગ્ર સ્ટાફની ફેરબદલ કરીને નિષ્પક્ષ અને ગેરરીતિ વિહિન સંચાલન થાય તે માટે પણ જરૂરી સુચના આપવામાં આવી છે.

યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોથી ફેબ્રુઆરીના દિવસે શરૂ થઈ હતી. છેલ્લી પોલીસી સમીક્ષામાં પણ વ્યાજરદરોને યથાવત રાખવામાં આવ્યા હતા. તે પહેલા તેની ઓક્ટોબર બેઠકમાં આરબીઆઈએ વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધા હતો. આજે કોઈ ઘટાડો ન કરાતા દર હાલમાં યથાવત રહ્યા છે. એમપીસીના તમામ સભ્યોએ સર્વસંમતિ સાથે રેટ યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. જો કે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ (એફવાય ૨૦) માટે જીડીપી ગ્રોથનો અંદાજ પાંચ ટકા કરવામાં આવ્યો છે. આજે કોઈ ફેરફાર કરવામાં ન આવતા રેપો રેટ ૫.૧૫ ટકાના દરે યથાવત રહ્યો છે. આવી જ રીતે રિવર્સ રેપો રેટ ૪.૯૦ ટકાના દરે યથાવત રહ્યો છે. છ સભ્યોની કમિટી દ્વારા નાણાંકીય વર્ષ માટે જીડીપી ટાર્ગેટ પાંચ ટકા રખાયો છે. તમામ અર્થશાસ્ત્રીઓ પહેલાથી જ કાપની અપેક્ષા રાખી રહ્યા હતા. ૨૦૧૬માં આની રચના કરવામાં આવ્યા બાદ મોનિટરી પોલિસી દ્વારા સતત વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. જો કે આ સિલસિલા પર હવે બ્રેક મુકાઈ છે. અમે વારંવાર રિવર્સ રેપોરેટ, રેપોરેટ, સીઆરઆર, એસએલઆર જેવા શબ્દો સાંભળીએ છીએ. બેંકોને પોતાના દરરોજના કામકાજ માટે એવી મોટી રકમની જરૂર હોય છે જેની અવધિ એક દિવસથી વધારેની હોતી નથી. આના માટે બેંક સામાન્યરીતે રિઝર્વ બેંકથી એક દિવસ માટે ઓવરનાઈટ લોન મેળવે છે.

તો સમસ્યાઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાની પીઠ મજબૂત કરશે. પણ મારી નિંદા કરવાનું કામ કરતાં કોંગ્રેસ અને અન્ય વિરોધીઓને તેમની નિંદાત્મક બેકારી દૂર કરવાનું કામ હું નહીં કરૂ... પીએમ મોદીએ એવુ અવલોકન કર્યું કે કોંગ્રેસ માટે મુસ્લિમ સમુદાયનો માણસ માત્ર મુસ્લિમ છે પરંતુ અમારા માટે પ્રત્યેક મુસ્લિમ હિન્દુસ્તાની અને ભારતીય છે. નાગરિકતા કાયદો કોઈનું નાગરિકત્વ ઝીનવી લેવા માટે નથી પણ નાગરિકતા આપવા માટે છે એવો ફરીએક વાર ખુલાસો સંસદમાં કર્યો હતો. ભારતના ભાગલા માટે તેમણે કોંગ્રેસને જવાબદાર ઠેરવીને કહ્યું કે કોઈને વડાપ્રધાન બનાવવા માટે દેશ પર રેખા ખેંચવામાં આવી હતી. તેમનો ઈશારો પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ પર હતો.મોંઘવારી અને ફૂગાવો નિયંત્રણ રાખવામાં તેમની સરકાર સફળ રહી હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો. રૂઢી પ્રમાણે નબળા અને હારેલા લોકો ચાલે છે અમને તો અમારા બનાવેલા રસ્તા પર ચાલવાનું ગમે છે એમ તેમણે શાયરાના અંદાજમાં જવાબ વાળતા એમ પણ કહ્યું કે જો અમે અગાઉની સરકારના રસ્તે ચાલ્યા હોત તો અનુચ્છેદ ૩૭૦ ક્યારેય રદ થયું ના હોત.

કોરોનાનો આતંક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બુધવારના દિવસે નવા ૫૩૨૮ કેસો સપાટી પર આવ્યા હતા. જે પૈકી એકલા હુબઈ પ્રાંતમાં ૨૯૮૭ કેસ સપાટી પર આવ્યા છે. ચીનમાં બુધવારના દિવસે અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૬૪૦ દર્શાવવામાં આવી હતી. હાલમાં ગંભીર રીતે બિમાર રહેલા લોકોની સંખ્યા ૩૮૫૯ આંકવામાં આવી છે. આનો અર્થ એ થયો કે મોતનો આંકડો હજુ વધી શકે છે. બીજી બાજુ રિક્વર થયેલા લોકોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. આ સંખ્યા વધીને ૯૦૭ ઉપર પહોંચી ગઈ છે. ચીન સરકાર દ્વારા વાયરસના ફેલાવાને રોકવા માટે બનતા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ચીનમાં એક દિવસમાં મોતનો આંકડો ૮૦થી પણ વધુ વધી રહ્યો છે. ગઈકાલે પાચંમી ફેબ્રુઆરીના દિવસે વધુ ૭૩ લોકોના મોત થયા હતા. સાથે સાથે માત્ર બુધવારના દિવસે ૫૩૨૮ કેસો સપાટી પર આવ્યા હતા. જે સાબિત કરે છે કે કઈ રીતે આ વાયરસે આતંક મચાવી દીધો છે.

કડક તાકીદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારી જમીનની માંગણીઓ અંગેની અરજીઓ જે છે તેના ઝડપી ઉકેલ અને નિકાલ માટે પણ ખાસ સૂચના આપી કોર્ટ કેસોનો ઝડપથી નિકાલ થાય તે જોવા જણાવ્યુ હતુ.

ડૉ. કુલદીપ આર્યએ નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલ અરજીઓના નિકાલમાં સમય-મર્યાદાનું પાલન થાય તે જોવા ખાસ આગ્રહ કર્યો હતો. આ ઉપરાંત ટાઈટલ ક્લીયર સર્ટિફિકેટ માટેની કામગીરીમાં વધુ ગતિ લાવવા પર ભાર મુક્યો હતો.

કલેકટરશ્રીએ ક્ષેત્રીય કચેરીઓમાં પણ અરજીઓનો નિકાલ થાય તેમજ આ કચેરીઓમાં સ્વચ્છતા જળવાય તે જોવા આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર એચ.એમ. જાડેજા, કલોલ અને ગાંધીનગરના પ્રાંત અધિકારી ઉપરાંત ચારેય માલતદારો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તકરારી નોંધાના નિકાલ માટે ઝડપી સુનાવણી કરવા માટે પણ તાકીદ કરી હતી એટલુ જ નહિ નોટીસોની બજવણી પણ સમય-મર્યાદામાં જ થાય તે જોવા કહ્યુ હતુ.

ડ્રાફ્ટ બજેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી દિવસોમાં શહેરની હદ વધતાં મહેકમ ખર્ચમાં પણ જંગી વધારો કમિશ્નરશ્રી દ્વારા સૂચવવામાં આવશે. જોકે વિકાસના નવા કામો સૂચવવામાં કમિશ્નરશ્રી ઉદાસીનતા દાખવે તેવા સંકેતો વધુ છે કારણ કે તેમણે શહેરના વિવિધ સેક્ટરોના બહુ જ ઓછા રાઉન્ડ લીધા છે એટલુ જ નહિ તેમણે આ બાબતે લોકો પાસેથી જે ફીડબેક તંત્ર તરીકે લેવા જોઈએ તેમાં પણ ઉદાસીનતા દાખવી હોવાથી કોઈ ખાસ નવી બાબતો બજેટમાં સમાવાશે નહિ.

જાગૃત કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાણા સહીતના તમામ હોદેદારોને પણ તેમણે આ તબક્કે શુભેચ્છા આપી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક બમણી કરવાનો સંકલ્પ પ્રધાનમંત્રીએ કર્યો છે. જયારે આ સંકલ્પ કૃષિ અને પશુપાલન અને ડેરીને જોડવાથી જ સાકાર થશે. પ્રાકૃતિક ખેતી અંગે સમજ આપતા તેમણે જણાંવ્યુ હતુ કે દેશમાં પ્રાચીન કાળથી ગાયનુ સન્માન થાય છે. ગાય વિશ્વની માતા છે. ગાયના છાણ , ગૌ મુત્ર, દુધ સહીતની વસ્તુઓના લીધે આરોગ્ય પ્રાપ્ત થાય છે. પરંતુ ગાયથી દુર જવાના લીધે રોગ પ્રતિકારક શકિત ઘટી રહી છે. ખેડુતોએ આવક બમણી કરવા માટે રાસાયણિક ખેતીથી દુર રહીને પદ્મશ્રી સુભાષ પાલેકર પ્રેરિત પ્રાકૃતિક ખેતી અપનાવવા પણ ખેડુતોને અનુરોધ કર્યો હતો. રાસાયણિક ખાતરમાંથી ઝેરયુકત જંતુનાશકોથી તૈયાર થયેલા ઉત્પાદનો કેન્સર સહીતના ગંભીર રોગ આપે છે. જયારે પ્રાકૃતિક ખેતી પધ્ધતિમાં એક દેશી નસલની ગાયથી ૩૦ એકર જમીનમાં ખેતી થઈ શકે છે. પાણીની પણ બચત થાય છે.જમીનની ફળદ્રુપતા પણ વધે છે.વિદેશમાં પણ રીસર્ચ થયા મુજબ દેશી અને ગીર ગાયના દુધમાં જ રોગ સામે લડવાની તાકાત છે. જરસી , હોસ્ટન અલબત્ત એ વન કહેવાતી આ ગાયોનુ દુધ લાભકારી નથી. ગાયને ધર્મ સાથે જોડવાની વાત નાની છે. ગૌ માતાની અવહેલનાથી હૃદયરોગ અને કેન્સર જેવા રોગો થાય છે. રાજયપાલશ્રીએ જણાંવ્યુ હતુ કે મારી પાસે પણ વિવિધ ૬ નસલની ૩૪૦ ગાય છે. તેમણે જણાંવ્યુ હતુ કે મધુર ડેરીના સુવર્ણ જયંતિ પ્રસંગે પ્રારંભ થયેલો આ ગૌ પશુપાલન જાગૃતિ રથ પ્રત્યેક પશુપાલકોને ગૌ પાલન માટે જાગૃત કરશે. આ તબક્કે અમુલ ડેરીના રામસિંહ પરમારે પણ ડેરીના કર્મચારીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે મધુર ડેરી પશુપાલકોને દુધના વધુ ભાવો આપે છે. જયારે મધુર ડેરી પશુપાલકોના હિતમાં જ નિર્ણયો કરે છે. તેમણે પી એમ નુ સ્વપ્ન સાકાર કરવા માટે ખેતીની સાથે પશુપાલનનો વ્યવસાયને પ્રોત્સાહીત કરવા પણ જણાંવ્યુ હતુ. મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ જણાંવ્યુ હતુ કે આજના સમયમાં મધુર ડેરી પશુપાલકોને દુધના સૌથી વધુ ભાવ આપનારી ડેરી બની છે. તેમણે ગૌ સેવાની નેમ સાથે ગુણવત્તા અને પર્યાવરણને ધ્યાનમાં રાખીને ડેરીની પ્રગતિ માટે પશુપાલકોની પણ ઉન્નતિ થાય તેનુ વિશેષ ધ્યાન રાખવામાં આવતુ હોવાનુ પણ જણાંવ્યુ હતુ. ગુજકોમાસોલના ચેરમેન દીલીપ સંઘાણીએ પણ આ તબક્કે જણાંવ્યુ હતુ કે આઝાદી બાદ સરદાર પટેલ અને ત્રિભુવનદાસ પટેલે પશુપાલકોના ઉત્થાન માટે જોયેલા સ્વપ્રને મધુર ડેરી સાકાર કરી રહી છે.

જયારે ખેડુતોની આવકમાં પણ દુધનુ ઘણુ મહત્વનુ યોગદાન છે. મધુર ડેરીના આ પ્રસંગે રાજયપાલના હસ્તે ગાંધીનગર જિલલામાંથી અત્યાર સુધી ૧૪૦૦ જેટલા સાપ બચાવીને માનવ વસ્તીથી દુર જંગલમાં મુકત કરવા અને ૧૬૦૦ જેટલા ઘાયલ પક્ષીઓને નવી ઉડાન આપવા બદલ સે-૭ બરોડા ગુજરાત ગ્રામિણ બેંકના મેનેજર પ્રદિપભાઈ સોલંકીનુ પણ આ તબક્કે સન્માન કરાયુ હતુ. મધુર ડેરીના સુવર્ણ જયંતિ સમારોહમાં સૌથી વધુ દુધ ભરનાર મહીલાઓનુ પણ સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં બાસણ દુધમંડળીના ગીતાબેન દેસાઈ પીપળી કંપા દુધ મંડળીના ઉર્વિશબેન પટેલ, કરકરીયા દુધ મંડળીના અરૂણાબેન પટેલ ખીચા દુધ મંડળીના મનીષાબેન બુહા, વેલણવાડા દુધ મંડળીના સુધાબેન પટેલ, ચારડા દુધ મંડળીના કામુબને પટેલ, ખોડાપીપર દુધ મંડળીના જયોત્સનાબેન ગઢીયા અને વિસાવદર દુધ મંડળીના પ્રવિણાબેન લાખાણીનુ સન્માન કરાયુ હતુ.મધુર ડેરીના સુવર્ણ જયંતી પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, બરોડા ગ્રામિણ બેંકના રીજીયોનલ મેનેજર સંજયભાઈ કબાડ , સે-૭ દેના ગ્રામિણ બેંકના મેનેજર પ્રદિપભાઈ સોલંકી ડેરીના કર્મચારીઓ તેમજ ખેડુતો અને મહીલાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.